ગાંધીનગર સમાચાર

# લડાખમાં ચીનના સૈનિકોની ફરી ઘુસણખોરી

નવી દિલ્હી,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઘુસણખોરીને રોકવા માટે દાવો કરી રહ્યા છે ત્યારે ચીન પોતાની હરકતને બંધ કરી રહ્યું નથી. ચીને ફરી એકવાર લડાખમાં ઘુસણખોરી કરીને ભારત સરકારની ચિંતાને વધારી દીધી છે. એકબાજુ ચીન પોતાના પાટનગર બેજિંગમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ હમીદ અંસારીના સ્વાગતમાં વ્યસ્ત છે ત્યારે બીજી બાજુ આ જ સપ્તાહમાં તેના સેનિકોએ ભારતીય વિસ્તારમાં ઘુસણખોરી કરીને નવી સમસ્યા સર્જી છે. ચીનના સેનિકો પૂર્વીય વિસ્તારમાં લડાખ માં પંગોંગ સરોવર વિસ્તારમાં ઘુસી ગયા હતા. સાથે સાથે આ વિસ્તાર પર દાવો કર્યો હતો. એક અંગ્રણી અંગ્રેજી અખબારે દાવો કર્યો છે કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મીના જવાનો બોટ્સ લઇને આ સરોવરના ભારતીય હિસ્સામાં



ભારતના ઉપરાષ્ટ્રપતિ હમીદ અંસારી, તેમના પત્ની સલમા અંસારી અને રાજયસભાના સભ્યો ગ્રેટ વોલ ઓફ ચાઈનાની મુલાકાતે

પાંચ કિલોમીટર સુધી અંદર આવી ગયા હતા. આ ઘટના ૨૪મી જુનના દિવસે બની હતી. આ સરોવરનો મોટો હિસ્સો તિબેટમાં આવે છે અને ચીનનો અંકુશ છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે હાઇ સ્પીડ ઇન્ટરસેપ્ટર બોટમાં આવેલા ચીની સેનિકો બે કલાક સુધી હિમ્મત પૂર્વક રોકાયા હતા. મોડેથી અમેરિકામાં બનેલા ઇન્ટરસેપ્ટર બેસલ્સ પર રહેલા ભારતીય જવાનોએ તેમને પરત મોકલી દીધા હતા. ચીને પ્રથમ વખત આવુ કૃત્ય કર્યું નથી. હજુ સુધી ૧૨ વખત ભારતીય સેનિકો આ સરોવર પર આમને સામને આવી ચુક્યા છે. આ સરોવર દરિયાઇ સપાટીથી ૪૩૫૦ મીટરની ઉંચાઇ પર છે.તેની લંબાઇ ૧૩૪ કિલોમીટરની છે. જ્યારે મહત્તમ પહોળાઇ પાંચ કિલોમીટરની છે. ચીન ઇચ્છે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીનની મુલાકાત લે પરંતુ તે પોતાના કૃત્ય સરહદ પર જારી રાખે છે. ગયા વર્ષે અનેક વખત ચીની સેનિકોએ ઘુસણખોરી કરી હતી. ભારત અને ચીન વચ્ચેના સંબંધો ઘુસણખોરીના કારણે પહેલા તંગ રહી ચુક્યા છે.

**મોંઘવારીની ગતિમાં વધુ વધારો થવાના સંકેત**

# જુલાઈમાં વરસાદ નહી થાય તે હાલત ખુબ કફોડી : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૨૮

મોનસુનને લઇને ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. માત્ર સામાન્ય લોકો જ નહી બલ્કે મોદી સરાકાર પર ચિંતિત દેખાઇ રહી છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે જો જુલાઇના બીજા અને ત્રીજા સપ્તાહમાં વરસાદ થશે નહી તો હાલત ખુબ કફોડી બની જશે. તમામ ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચી જશે. મોંઘવારીની ગતિ વધવાથી સામાન્ય લોકોને ફટકો પડી શકે છે. અનાજના ઉત્પાદનને અસર થઇ શકે છે. સાથે સાથે ડુંગળી સહિત તમામ શાકભાજીના ભાવમાં ભડકો થઇ શકે છે. આવી સ્થિતીનો સામનો કરવાની બાબત મોદી સરકાર માટે પડકારરૂપ રહેશે. આના કારણે વીજળી ઉત્પાદન ઘટી જશે. જેથી સંકટ વધારે ગંભીર બની શકે છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે હવામાન વિભાગે વડાપ્રધાનને એક માહિતી આપી છે. જેમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે ૧૦મી જુલાઇથી ૨૦મી જુલાઇ દરમિયાન વરસાદ ખુબ જરૂરી છે. જો આ ગાળા દરમિયાન વરસાદ નહી થાય તો મામલો ખુબ ગંભીર બની શકે છે. આવી સ્થિતીમાં સરકારે તૈયારી કરવી જોઇએ. હવામાન વિભાગે એમ પણ કહ્યું છે કે જુલાઇના બીજા સપ્તાહ સુધી વધારે સારો વરસાદ થવાની શક્યતા ૫૦-૫૦ ટકા છે. સ્કાઇમેટના સીઇઓ જતિન સિંહે કહ્યું છે કે ચોથી જુલાઇના દિવસે કેટલાક સંકેત મળી શકે છે. મોનસુનની સ્થિતી આગળ કેવી રહેશે તે વાત ચોથી જુલાઇના દિવસે જાણી શકાશે. હજુ સુધી આંકડા મુજબ જુન મહિનામાં સમગ્ર દેશમાં વરસાદ સામાન્ય કરતા ૪૫ ટકા ઓછો રહ્યો છે. જે ચિંતાજનક બાબત છે. આમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, પશ્ચિમી ઉત્તરપ્રદેશ, અને મહારાષ્ટ્ર સામેલ છે. તમામ રાજ્યોમાં ખાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. મોનસુનની સ્થિતી સારી નહી રહે તો અનેક નવા પડકાર રહેશે.

# દિલ્હીમાં ઇમારત ધરાશાયી થતાં નવ લોકોના મોત થયા

નવી દિલ્હી,તા. ૨૮

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીના ઈન્દરલોકના તુલસીનગર વિસ્તારમાં ત્રણ માળની નિવાસી ઈમારત ધરાશાયી થઈ જતાં ત્રણ બાળકો સહિત નવ લોકોના મોત થયા છે અને અનેક લોકો કાટમાળ હેઠળ ફસાઈ ગયા છે. ગૃહમંત્રાલય દ્વારા માર્યા ગયેલા લોકો અંગે દુખની લાગણી વ્યક્ત કરી છે. સાથે સાથે ઘાયલ થયેલા લોકો વહેલીતકે સ્વસ્થ થાય તે માટે પ્રાર્થના પણ કરી છે. ગૃહમંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ બનાવના કારણે અસર પામેલા લોકોને મદદ કરવા માટે એનડીઆરએફના અધિકારીઓની એક ટુકડી ઘટના સ્થળે પહોંચી ગઈ છે. મેયર યોગેન્દ્ર ચંડોલિયાએ કહ્યું છે કે, ત્રણ લોકો સામે તપાસનો આદેશ કરવામાં આવ્યો છે. બીજી બાજુ એનડીએમસીના ચેરમેન રાજેશ ભાટિયાએ કહ્યું હતું કે, બનાવના સ્થળે ગેરકાયદે નિર્માણ કામ ચાલી રહ્યું હતું. એમસીડીને મંજુરી માટે ઈમારતનો કોઈ નક્શો મોકલવામાં આવ્યો ન હતો. સત્તાવાળાઓને કોઈ માહિતી પણ આપવામાં આવી ન હતી.



એક જુનિયર એન્જિનિયર અને સહાયક એન્જિનિયરને સસ્પેન્ડ કરવામાં આવી ચુક્યા છે. સાક્ષીઓના જણાવ્યા મુજબ આ બનાવ સવારે ૮.૩૦ વાગે બન્યો હતો. નજીકના પ્લોટમાં નિર્માણકામ ચાલી રહ્યું હતું જેના કારણે આ બનાવ બન્યો હતો. આ ઈમારત ૫૦ વર્ષ જૂની છે અને અહીં ઘણા પરિવારો રહે છે. કાટમાળ હેઠળથી ૧૪ લોકોને કાઢવામાં આવ્યા છે. તેમને બચાવી લેવામાં આવ્યા છે. ઘાયલ થયેલા લોકોને બારાહિન્દુરાવ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. દિલ્હીમાં તાજેતરના સમયમાં ઈમારત ધરાશાયી થવાની કેટલીક ઘટનાઓ બની છે. આ બનાવને લઈને ઉંડી તપાસ શરૂ થઈ ચુકી છે. બનાવ બન્યા બાદ તુલસીનગર વિસ્તારમાં લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા. એનડીઆરએફના અધિકારીઓ દ્વારા બચાવ કામગીરી તરત હાથ ધરવામાં આવી હતી. ગેરકાયદે નિર્માણની પ્રવૃત્તિ હાલમાં ચાલી રહી છે. ઈમારત ખુબ જ જુની હોવાનું કારણ પણ અપાઈ રહ્યું છે.

# નવા સાંસદોને નરેન્દ્ર મોદીએ ૧૦ મહત્વપૂર્ણ મંત્ર આપ્યા

સુરજકુંડ,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નવા ચૂંટાયેલા પાર્ટીના સાંસદોને કેટલીક મહત્વપૂર્ણ ટિપ્સ આપી હતી. સાથે સાથે તેમનું વર્તન કેવું રહેવું જોઇએ તે અંગે પણ માહિતી આપી હતી. નરેન્દ્ર મોદીએ નવા સાંસદોને ૧૦ મહત્વના મંત્ર આપ્યા હતા. મોદીએ પક્ષના સાંસદોને આચરણ ઉપર અને સંચાલન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા સૂચના આપી હતી. સાથે સાથે ભ્રષ્ટાચાર અને આરોપ પ્રત્યારોપની રાજનીતિથી દૂર રહેવાની સ્પષ્ટ સૂચના આપી હતી. હરિયાણાના સૂરજકુંડમાં બે દિવસીય તાલીમ કાર્ય શિબિરના પ્રથમ દિવસે મોદીએ ઘણી બધી માહિતી પક્ષના સભ્યોને આપી હતી. સાંસદો માટે ટ્રેનિંગ કેમ્પને લઈને પક્ષના નવા ચૂંટાયેલા સાંસદો ખુબ જ ઉત્સુક દેખાઈ રહ્યા હતા. સંસદની અંદર અને બહાર તેમના આચરણ ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવા મોદીએ સાંસદોને કહ્યું હતું અને કહ્યું હતું કે, લોકો તેમના ઉપર નજર રાખે છે. તેમના મત વિસ્તારમાં ખાસ ધ્યાન આપવા તથા સારા સંચાલનના સંદેશને તમામ લોકોમાં ફેલાવવાની અપીલ કરી હતી. નરેન્દ્ર મોદીએ પક્ષના સાંસદોને પોતાના ચૂંટણી મત વિસ્તારમાં જનહિતના કામ કરવા કહ્યું હતું. ખાસ કરીને સોશિયલ મિડિયાનો ઉપોયગ કરવા માટે પણ અપીલ કરી હતી. સંસદીય પ્રક્રિયાને ખુબ જ ગંભીરતાથી લેવા અને પોતાની હદ પાર ન કરવા તમામને કહ્યું હતું. સંસદમાં અધ્યક્ષની મંજુરી વગર કોઈપણ કામ ન કરવા મોદીએ કહ્યું હતું. કોઈપણ સમસ્યા હોવાની સ્થિતિમાં સીધીરીતે તેમની સાથે વાત કરવા કહ્યું હતું.





મિડિયા સાથે ચર્ચા કરવામાં સમય ખરાબ કરવાના બદલે લોકો સાથે વાતચીત કરવા કહ્યું હતું. ભ્રષ્ટાચાર અને જિદ્દી વલણને છોડી દેવા કહ્યું હતું. રાજ્યોના વિધાનસભા ચૂંટણી માટે તૈયારી કરતા રહેવા પણ મોદીએ કહ્યું હતું. ટ્રેનિંગની કોઈપણ માહિતી લીક ન કરવા માટે પણ કહ્યું હતું. ૧૫૦ નવા ચૂંટાયેલા લોકસભા અને રાજ્યસભાના સાંસદો માટે બે દિવસીય વર્કશોપનું ઉદ્ઘાટન કર્યા બાદ મોદીએ કહ્યું હતું કે, વિરોધ પક્ષને કોઈ તક ન આપવા અને વધુ મોટી જવાબદારી અદા કરવા અપીલ કરી હતી. નાના મુદ્દાઓ ઉપર મતભેદ ન કરવા પણ કહ્યું હતું. નકારાત્કમવાદને છોડી દેવાની અપીલ કરતા તેમણે કહ્યું હતું કે, અભિગમ યોગ્ય હોવો જોઈએ. પરિવારની જેમ કામ કરવા અને સામાન્ય ઉદ્દેશ્ય પૂર્ણ કરવા તેઓએ અપીલ કરી હતી. પોતાની ફરજ પ્રત્યે એક મિશન તૈયાર કરવા તેઓએ કહ્યું હતું. પક્ષના પીઢ નેતા લાલકૃષ્ણ અડવાણી આવતીકાલે તેમના અભિપ્રાય આપશે. રાજનાથસિંહે કહ્યું હતું કે, કઠોર પરિશ્રમથી વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ અને મોટી લોકશાહીનો દાખલો ભારત બેસાડી શકે છે.

# મોદી ૪ જુલાઈએ જમ્મુ કાશ્મીરની યાત્રાએ જશે

નવી દિલ્હી,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચોથી જુલાઈના દિવસે જમ્મુ-કાશ્મીરની એક દિવસની મુલાકાત લેનાર છે. સત્તા સંભાળી લીધા બાદ મોદીની જમ્મુ-કાશ્મીરની આ પ્રથમ યાત્રા રહેશે.

સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, વડાપ્રધાન જમ્મુમાં આવી પહોંચશે અને ત્યારબાદ કતરા-ઉધમપુર રેલવે લાઈનનું ઉદ્ઘાટન કરવા કતરા જશે. ૨૫ કિલોમીટરના અંતરને આવરી લેતી કતરા-ઉધમપુર રેલ લાઈન ખૂબ જ મહત્વપૂર્ણ છે. કતરાને માતા વૈષ્ણોદેવીના બેઈઝ કેમ્પ તરીકે પણ ગણવામાં આવે છે. દર વર્ષે લાખોની સંખ્યામાં લોકો અહીં પહોંચે છે. કતરા રેલવે સ્ટેશનની શરૂઆત કરવામાં આવ્યા બાદ તમામ શ્રદ્ધાળુ પરિવહનના અન્ય સાધનોનો ઉપયોગ કર્યા વગર સીધી રીતે પહોંચી શકશે. રેલવે પ્રધાન સદાનંદ ગૌડા અને પીએમઓમાં પ્રધાન જીતેન્દ્રસિંહ પણ આ યાત્રા દરમિયાન મોદીની સાથે રહેશે. ત્યારબાદ વડાપ્રધાન શ્રીનગર જવા રવાના થશે જ્યાં તેઓ આર્મીના ૧૫ કોર્પના બદામી હેડક્વાર્ટર ખાતે સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરશે. આ બેઠકમાં જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, રાજ્યપાલ એનએન વોરા અને અન્ય આર્મી ઓફિસરો હાજરી આપશે. ૧૪,૧૫ અને ૧૬ કોર્પના કમાન્ડર પર આ બેઠકમાં હાજરી આપશે. રાજ્યપાલ મોડેથી રાજભવન ખાતે વડાપ્રધાન માટે લન્ચનું આયોજન કરશે. મોદી ૨૪૦ મેગાવોટના ઉરી-બે ડાઈડ્રોઈલેક્ટ્રીક પાવર પ્રોજેક્ટનું ઉદઘાટન કરવા ઉરી શહેરમાં જશે.

## પ્રાથમિક શિક્ષણની પ્રાથમિકતા (પાના નં. ૪ નું ચાલુ)

પ્રશ્નપત્રમાં... પરીક્ષામાં પુછાય એવાં સંભવિત પ્રશ્નોના જવાબ ગોખવાની કુદ્સીત વિદ્યાર્થી કરે. ગોખ્યે મેળ ન પડે તો કાલપીઓનાં સહારે કે અન્ય લાક્ષણિક ઉપાયોનાં સહારે વિદ્યાર્થી ‘ઓછી મહેનતે પાસ થઇ જવાની પરીક્ષા’માં છેવટે પાસ થઇ જાય છે અને ભગીરથ કાર્યમાં સફળ થવાનો અવર્ણનીય આનંદ મેળવે છે.

વાસ્તવમાં શિક્ષકનું કામ કેળવ ભણાવી દેવાનું નહીં, બલ્કે ભણતાં શીખવવાનું છે. બાળકને પરીક્ષાર્થી નહીં, વિદ્યાર્થી બનાવવાનો પુરૂષાર્થ એણે કરવાનો છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે શિક્ષણ પ્રક્રિયાનું એકમાત્ર સબળ માધ્યમ જો કોઇ હોય તો તે છે પ્રેમ, પ્રેમ અને બસ પ્રેમ. શિક્ષકનો વિદ્યાર્થી પ્રત્યેનો અનન્ય અને પુત્રવત્ પ્રેમ ભણવાની પ્રક્રિયા શરૂ કરવાનું સમર્થ કારણ બને છે.

શિક્ષકના નિ:સ્વાર્થ પ્રેમને કારણે વિદ્યાર્થીના મનમાં વિશિષ્ટ આદરભાવ જાગે છે અને ધીમે ધીમે એ શિક્ષકને પોતાના ‘આદર્શ’ તરીકે સ્થાપે છે.

જો આટલી પ્રક્રિયા થાય તો ખેતીની જમીનમાં જેમ ચાસ પડે અને પછી એ ખેતી માટે સાનુકૂળ બને તેમ વિદ્યાર્થીના મનમાં જિજ્ઞાસા અને રૂચિ નિર્માણ થશે જે એને ભણવાની સહજ પ્રક્રિયામાં આગળ વધારશે.

(૬) ક્રિયા આધારિત અને અનુભવ આધારિત શિક્ષણનું આયોજન

વિદ્યાર્થીને સાંભળવા કરતાં જોવાની વધારે યાદ રહે છે, જોવા કરતાં કરવાની જલદી મગજમાં બેસે છે અને કરવા કરતાંય અનુભવ કરવાની એના જ્ઞાનનું આત્મસાતીકરણ થાય છે. એકવાર જ્ઞાન આત્મસાત્ થઇ જાય પછી એને યાદ રાખવું પડતું નથી. યાદ રહી જાય છે. આમ, શિક્ષકે હવે આ બધા સિદ્ધાંતોને સમજીને પોતાની શિક્ષણરચના કરવી જોઇએ અને પાઠનપદ્ધતિ ઘડવી જોઇએ. એને નૂતન બનવું જોઇએ. દરેક વખતે એનો વિષય જૂનો છતાં રસપ્રદ લાગે. એમાં અવનવી વાતો અને ઉદાહરણો ઉમેરાતાં જતાં હોય. સરળ પ્રશ્નોત્તરી દ્વારા અને ચર્ચા દ્વારા પોતે ભણાવેલી બાબતો વિદ્યાર્થીમાં કેટલે ઊંડે ઊતરી એ કળા જાણનારો શિક્ષણ સરળ શિક્ષણ બની શકે છે.

સારાંશ એ જ કે વિષય ગુજરાતી હોય કે કોઇ પણ, એને રૂચિકર બનાવવાનું કામ જ અતિ મહત્ત્વપૂર્ણ છે.

ભણાવવું એ શિક્ષક માટે વ્રત છે, સાધના છે, તપશ્ચર્યા છે; માત્ર કર્મકાંડ નથી જ.

આટલી વાતો જો હું પ્રિય શિક્ષક મિત્રો સુધી અને નીતિ ઘડવૈયાઓ સુધી પહોંચાડી શકું તો ધન્યતા અનુભવીશ.

# સાયના નેહવાલનો ઓસ્ટ્રેલિયન સુપર સીરિઝમાં શાનદાર દેખાવ

સિડની,તા. ૨૮

ટોચની ભારતીય બેડમિંટન ખેલાડી સાયના નેહવાલ વર્ષની બીજી ટ્રોફી જીતવાથી હવે માત્ર એક જીતના અંદર ઉપર છે. આજે શનિવારના દિવસે સાયના નેહવાલે ઓસ્ટ્રેલિયન સુપર સિરીઝની ત્રણ ગેમ સુધી ચાલેલી મહત્વપૂર્ણ મેચમાં દુનિયાની બીજા ક્રમની ખેલાડી અને ટોચની ક્રમાંક ધરાવતી ચીની ખેલાડી વેંગ શિજિયાન ઉપર જીત મેળવી હતી. છટ્ઠી ક્રમાંકિત ભારતીય ખેલાડીએ એક કલાક અને ૧૬ મિનિટ સુધી ચાલેલી મેચમાં વેંગ ઉપર ૨૧-૧૯, ૧૬-૨૧, ૨૧-૧૫થી જીત મેળવી હતી. સાયનાએ શિજિયાનની સામે પોતાની રેકોર્ડ પાંચમી જીત હાંસલ કર્યા બાદ ટ્વિટર ઉપર જણાવ્યું હતું કે, દુનિયાની બીજા નંબરની



ખેલાડીને ત્રણ ગેમ સુધી ચાલેલી મેચમાં હાર આપી દીધી છે. ઓસ્ટ્રેલિયન ઓપન સુપર સીરિઝની ફાઈનલમાં તે પહોંચી ગઈ છે. સાયનાએ આ રીતે શિજિયાનની સામે તેનો રેકોર્ડ ૫-૩ કરી લીધો છે. સાયનાએ આ અગાઉ ચીનની આ ખેલાડી સામે છેલ્લી બે મેચો ગુમાવી હતી જેમાં હાલની ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશીપનો સમાવેશ થાય છે. આ અગાઉ ક્વાટરફાઈનલ મેચમાં સાયનાએ જાપાનની એરિકો હિરોસે ઉપર ૨૧-૧૮, ૨૧-૦૯થી જીત મેળવી હતી. સાયના નેહવાલ આ વર્ષે ખુબ શાનદાર ફોર્મમાં ચાલી રહી છે. સાયનાએ આ વર્ષની શરૂઆતમાં દિલ્હીમાં ઈન્ડિયા ઓપન ગ્રેપ્રિ ગોલ્ડ સ્પર્ધા પોતાના નામ ઉપર કરી હતી.

ઓસ્ટ્રેલિયન સુપર સીરિઝમાં ફાઈનલમાં પહોંચી ગયા બાદ સાયના નેહવાલ પાસેથી અપેક્ષાઓ વધી ગઈ છે. ફાઈનલ મેચ જોવા માટે મોટી સંખ્યામાં ભારતીય ચાહકો પહોંચે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. સાયનાના હાલના ફોર્મને જોતા તેની જીત હવે નિશ્ચિત દેખાઈ રહી છે.

## પાઈપલાઈન બ્લાસ્ટમાં મૃત્યુઆંક વધી ૧૬ થયો

હૈદારાબાદ,તા.૨૮

આંધ્રપ્રદેશના પૂર્વીય ગોદાવરી જિલ્લામાં ભારતીય ગેસ લિમિટેડ (ગેલ)ની પાઈપાલાઈનમાં ગઈકાલે પ્રચંડ બ્લાસ્ટ બાદ ફાટી નિકળેલી આગના બનાવમાં મોતનો આંકડો આજે વધીને ૧૬ ઉપર પહોંચી ગયો હતો. છ લોકોની હાલત હજુ પણ ગંભીર બનેલી છે. બે ડઝનથી વધુ લોકો ગઈકાલે આ બનાવને કારણે દાઝી ગયા હતા. છ લોકો ૮૦ ટકાથી પણ વધુ દાઝી ગયા છે. તેમની હાલત ગંભીર જણાવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ગેલ પાઈપલાઈનમાં બ્લાસ્ટ થયો હતો. મોતનો આંકડો વધે તેવી દહેશત પ્રવર્તી રહી છે. આ બ્લાસ્ટના કારણે તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. દાજી ગયેલા લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. હૈદરાબાદથી આશરે ૫૬૦ કિલોમીટરના અંતરે સ્થિત અમાલપુરમ મંડળાના નગરમ ગામમાં આ બનાવ બન્યો હતો. બ્લાસ્ટ બાદ ફાટી નિકળેલી આગમાં આસપાસના ૫૦ મકાનોને પણ નુકસાન થયું છે. તમામ મકાનો બળી ગયા હોવાના પ્રાથમિક અહેવાલ મળ્યા છે.

# બિગ બોસ-૮માં શાહરૂખ હોસ્ટ તરીકે હશે : રિપોર્ટ

મુંબઇ,તા. ૨૮

બોલિવુડના સુપરસ્ટાર સલમાન ખાને બિગ બોસ-૮માં હોસ્ટ બનવાનો ઇન્કાર કરી દીધો છે. જેથી આયોજકોની ચિંતામાં વધારો થયો છે. સલમાને બિગ બોસ-૭ના પ્રસારણ દરમિયાન જ કહ્યું હતું કે તે આઠમાં શોમાં હોસ્ટ તરીકે રહેશે નહી. આવી સ્થિતીમાં હવે ટોચના કલાકારો સાથે વાતચીત ચાલી રહી છે. મળેલી માહિતી મુજબ શાહરૂખને મનાવી લેવાના પ્રયાસો ચાલી રહ્યા છે. જો કે શાહરૂખ સલમાન દ્વારા છોડી દેવામાં આવેલા શોમાં હોસ્ટ તરીકે બનશે કે કેમ તેને લઇને કેટલાક લોકો શંકા વ્યક્ત કરી રહ્યા છે. જો કે સલમાનની જગ્યાએ શાહરૂખ માની જશે તેમ પણ આ ઘટનાક્રમ પર નજર રાખી રહેલા લોકો કહી રહી છે. શાહરૂખ તૈયાર થઇ જસે કે કેમ તેને લઇને ટુંક સમયમાં અંતિમ નિર્ણય કરવામાં આવસે. યુવા પેઢીમાં સૌથી લોકપ્રિય રહેલા રણબીર કપુરને લઇને પણ ચર્ચા છે. જો કે શાહરૂખ પ્રથમ પસંદ તરીકે ઉભરે તેવી શક્યતા છે. આ શો આ વખતે કલર્સાના બદલે લાઇફ ઓકે પર રજૂ થાય તેમ માનવામાં આવે છે. નવી સિઝનની



શરૂઆત સપ્ટેમ્બરથી શરૂ થાય તેવી વકી છે. કલાકારોની પંસદગીની પ્રક્રિયા શરૂ થઇ ચુકી છે. સલમાને વર્ષો સુધી હોસ્ટ તરીકે ભારે લોકપ્રિયતા જાગાવી હતી. સલમાનના કારણે લોકો આ શોને નિહાળી રહ્યા હતા. જો કે શાહરૂખને લાવવામાં આવસે તો પણ આને લોકપ્રિયતા મળી શકે છે તેમ માનવામાં આવે છે. ।જાણકાર લોકનુ કહેવુ છે કે ગઇ સિઝનમાં ગૌહર અને અરમાન-તનીષા વિવાદના ।કારમે સલમાનને ખુબ ખરાબ લાગ્યું હતુ. એજ વેળા સલમાન આગામી શોમા નહી આવવાનો નિર્ણય કરી ચુકયો હતો. સલમાન હાલમાં બોલિવુડમાં સૌથી લોક્પ્રિય અભિનેતા તરીકે રહ્યો છે. તેની પાસે સૌથી વધુ નવી ફિલ્મો છે તે સૌથી વધુ વ્યસ્ત હોવાથી પણ તે આ શોમાં આવવા માટે મુશ્કેલી અનુભવી રહ્યો હતો.

## સમાચાર ઝલક

- આસામમાં પુરથી ૭નાં મોત થયાં.
- એ.ટી.એસ.ની પેપર સ્લીપથી કેન્સર થવાનો ભય એવો સર્વેનું તારણ.
- અલંગના જહાજવાડામાં જહાજ તોડતાં અકસ્માતથી ૪નાં કરૂણ મોત.
- નર્મદા જિલ્લામાં ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપતા આરએસએસના વડા મોહન ભાગવત.
- સરદારનગરમાં પ્રેમીએ પ્રેમિકાને એક લાખમાં વેચી મારી.
- અમદાવાદ બે હજાર કરોડનો ચુનો લગાવનાર સુનીલ કક્કડની ધરપકડ.
- અમદાવાદમાં જગન્નાથની યાત્રા પાછળ અંદાજે રૂપિયા દશ કરોડનો ખર્ચ થાય છે, એકતા માટે કોઇ વિસાત નથી.
- અછત દુકાળના સંભાવનાથી સીંગતેલના ભાવમાં ઉછાળો ડબ્બે રૂા. ૧૦૦નો વધારો.
- હરિદ્વારમાં સામુહિક સ્નાન પર પ્રતિબંધ.
- રાજયની પ્રથમ મહિલા શૂટર લજ્જા ગોસ્વામીનું સન્માન કરતી સરકાર.
- અસલાલી પાસે રૂપિયા એક કરોડનું ચરસ ઝડપાયું.
- ઓછો વરસાદથી ઘાસના ભાવમાં વધારો.
- ઇટલીમાં વયસ્કોની મદદ માટે રોબર્ટની શોધ.
- પ્રથમ વિશ્વયુદ્ધને ૧૦૦ વર્ષ પૂર્ણ થયા, તેમાં રાસાયણિક શસ્ત્રોનો ઉપયોગ થયો હતો.
- દેશમાં દર પાંચ દિવસે ટ્રેન અકસ્માત થાય
- અમદાવાદ-પુરીમાં રથયાત્રાની સુરક્ષા માટે તડામાર તૈયારીઓ, પોલીસનો ચાંપતો બંદોબસ્ત.